**Divya Bhaskar (City Bhaskar)**

**Edition:** Vadodara | **Date:** 16th February, 2013 | **Page No.:** 04

# VCCIમાં દેશના બેસ્ટ થ્રીડી આર્ટિસ્ટ્સ






દેશમાં આંગળીના વેઢે ગણાય તેટલા થ્રીડી આર્ટિસ્ટ છે

• **સિટી રિપોર્ટર** . વડોદરા

વીસીસીઆઈના એકઝીબિશનમાં આવેલા ઓડિટોરિયમની બહાર બન્ને સાઈડ પર થ્રી ડી પેઈન્ટિંગ્ઝ બનાવવામાં આવ્યા છે. આ પેઈન્ટિંગ્ઝ દેશના ગણ્યાગાંઠ્યા થ્રી ડી આર્ટિસ્ટ્સમાંના મુંબઈના સંદીપ મુંડે અને રાંચીના વિશાલ બંસલ દ્વારા કરવામાં આવ્યા છે.

સંદીપ મુંડેએ જણાવ્યું હતું કે, 'થ્રીડી સ્ટ્રીટ આર્ટ વિદેશનું એડોપ્શન છે. હું વર્ષ 2001માં જેજે સ્કુલ ઓફ આર્ટ મુંબઈથી પાસઆઉટ થયો હતો. વર્ષ 2010માં મુંબઈ કાલાઘોડા આર્ટ ફેસ્ટમાં મેં જમીન પર પ્રથમ થ્રીડી પેઈન્ટિંગ કર્યુ ત્યારથી આ મિડીયમ સાથે સંપુર્ણપણે એટેચ્ડ છું. આ મિડીયમ ફિલ્મોના પ્રમોશન્સ, ઈવેન્ટ પ્રમોશન માટે ઈન્ટરનેશનલ સ્તરે પસંદ થયેલી કળા છે. હું એક્રેલિક કલર્સ વડે દિવાલો પર ગ્રાફિટી અને સ્ટ્રીટ આર્ટ કરૂં છું.'

રાંચીના વિશાલે કોઈ પણ સંસ્થામાથી તાલીમ નથી લીધી અને તેઓ એક પ્રોફેશનલ આર્ટથી માઈલો દુર એવા પ્રોફેશન, એટલે કે બિઝનેસ સાથે સંકળાયેલા હતા અને બસ અચાનક જ પોતાની પેશનને સંતોષવાનું ઘેલું લાગ્યું, આ વિશે વાત કરતા વિશાલ બંસલે જણાવ્યું કે, 'હું પાછલા એક વર્ષથી ફક્ત સરફેસ પર થ્રીડી પેઈન્ટિંગ્ઝ કરૂં છું.

મારા ચિત્રો વડે સમાજીક મુદ્દાઓને લઈને કલાને પ્રદર્શીત કરૂં છું. થ્રીડી ચિત્રો બનાવવા માટે હુ પેસ્ટલ્સ કલર્સનો ઉપયોગ કરૂં છું. જે દેશમાં નથી મળતા પણ કોરિયાથી ઈમ્પોર્ટ કરવા પડે છે. આ ખર્ચાળ કલા છે. એક ચિત્ર તૈયાર કરવા માટે મિનીમમ એકથી દોઢ લાખ રૂપિયાનો ખર્ચ થાય છે.'